RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

E mail - prdpraval@yahoo.co.uk

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 129 * Date: 02.3.2026,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ઈરાન પર વધુ જોરદાર હુમલા કરીશું', નેતન્યાહૂએ ઇઝરાયલના 'એટેક પાર્ટ-૨' ને આપી મંજૂરી



ઈઝરાયલના વડા પ્રધાન નેતન્યાહૂએ ઈરાનના લોકોને સીધી અપીલ કરી છે કે, તે પોતાના દેશની હાલની સત્તા વિરુદ્ધ ઉભા થાય. અમેરિકા અને ઈઝરાયલે કરેલા હુમલામાં સુપ્રીમ લીડર ખામેનેઈના મોત બાદ નેતન્યાહૂ મોટા પ્રમાણમાં ઈરાનમાં શાસક પક્ષના વિરોધમાં પ્રદર્શન શરૂ થાય તેવી કોશિશ કરી રહ્યા છે, નેતન્યાહૂએ 'એટેક પાર્ટ ૨'ને મંજૂરી આપતા કહ્યું કે 'રોકાયા વગર ઈરાન પર હુમલો કરતાં રહીશું'હાલ જ ઈઝરાયલે ઈરાન પર કરેલા ઘાતક હુમલાઓ બાદ વડા પ્રધાન નેતન્યાહૂએ સ્પષ્ટ સંદેશો આપ્યો કે, આવનારા દિવસોમાં આતંકી શાસનના હજારો ઠેકાણા પર હુમલા કરવામાં આવશે. અમે એવી પરિસ્થિતિઓ બનાવીશું કે ઈરાનના બહાદુર લોકો સરમુખત્યારશાહીની સાંકળોથી મુક્ત થઈ શકે. તેથી જ હું ફરી એકવાર તમારી સાથે વાત કરી રહ્યો છું.'ઈરાનના નાગરિકોને સંબોધન કરતાં નેતન્યાહૂએ આ સમયને 'દુર્લભ ઐતિહાસિક તક' ગણાવી અને લોકોને ચૂપ ન રહેવાની અપીલ કરી. તેમણે કહ્યું, 'ઈરાનના નાગરિકો, આ મોકાને હાથમાંથી ન જવા દો. આવો મોકો દરેક પેઢીમાં માત્ર એક જ વખત આવે છે, ચૂપચાપ ન બેસો, તમારો સમય જલદી આવવાનો છે. તેમણે લોકોને લાખોની સંખ્યામાં રસ્તા પર ઉતરવા અને સામૂહિક રીતે વર્તમાન વ્યવસ્થાને ઉથલાવી દેવા અપીલ કરી.ગઈકાલે શનિવારે ઈરાન પર હુમલા બાદ ઈઝરાયલના પીએમ નેતન્યાહૂએ ચેતવણી આપતાં કહ્યું કે, 'ઈરાને પરમાણુ કાર્યક્રમ ખતમ કરવો જ પડશે. ઈરાને હથિયાર મૂકવા જ પડશે. છેલ્લા ૪૭ વર્ષોથી આયતોલ્લા શાસન 'ડેથ ઑફ ઈઝરાયલ' અને 'ડેથ ઑફ અમેરિકા'ના નારા લગાવીને નિર્દોષોનું લોહી વહાવતું આવ્યું છે. આ ખૂની અને આતંકવાદી શાસનને એવા પરમાણુ હથિયારોથી સજ્જ થવા દેવામાં આવશે નહીં જે સમગ્ર માનવજાત માટે ખતરો બની શકે.' રશિયાના રાષ્ટ્ર પ્રમુખ પુતિને ખામેનેઈના મોતને હત્યા ગણાવી કહ્યું છે કે, માનવીય નૈતિકતા અને આંતરરાષ્ટ્રીય કાયદાના તમામ ધોરણોનું ઉલ્લંઘન થયું છે. બીજી તરફ ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ પણ ખામેનેઈના મોતને હત્યા કરાર આપતા કહ્યું છે કે, 'ઈરાનના સુપ્રીમ લીડર પર હુમલો અને તેમની હત્યા ઈરાનની સંપ્રભુતા અને સુરક્ષાનું ઘોર ઉલ્લંઘન છે. આ સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરના નિયમો અને આંતર રાષ્ટ્રીય સંબંધોના માપદંડનું ખુલ્લુ ઉલ્લંઘન છે. ચીન તેના વિરુદ્ધમાં છે અને હુમલાની ઘોર નિંદા કરે છે. અમે મિલિટ્રી ઓપરેશનને તાત્કાલિક રોકવા, તણાવપૂર્ણ સ્થિતિને આગળ વધતી રોકવા, તેમજ મધ્ય પૂર્વ અને દુનિયામાં શાંતિ અને સ્થિરતા બની રહે તેવા સંયુક્ત પ્રયાસ કરવાની અપીલ કરીએ છીએ

## અમેરિકાની તાકાતનો પરચો જોવા તૈયાર રહેજો', ઈરાનની સૌથી મોટા હુમલાની ધમકી મુદ્દે ટ્રમ્પની પ્રતિક્રિયા



મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભીષણ તણાવ અને ઈરાન દ્વારા અપાયેલી ×ઈતિહાસના સૌથી વિનાશક હુમલા×ની ધમકી બાદ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અત્યંત કડક શબ્દોમાં વળતો જવાબ આપ્યો છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા દ્વારા ઈરાનને ખુલ્લી ચેતવણી આપી છે કે જો તેઓ હુમલો કરશે, તો અમેરિકા એવી તાકાતથી જવાબ આપશે જે વિશ્વએ પહેલા ક્યારેય જોઈ નથી.

ઈરાનના નવા સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઈની વરણી અને ઈરાની સેના દ્વારા અમેરિકાના સૈન્ય બેઝ પર હુમલાની ધમકી બાદ પ્રમુખ ટ્રમ્પે આક્રમક વલણ અપનાવ્યું છે. ટ્રમ્પે જણાવ્યું કે, ×ઈરાને કહ્યું છે કે તેઓ આજે અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો કરશે. પણ તેઓ આવું ન કરે તે જ તેમના માટે સારું છે, કારણ કે જો તેઓ હુમલો કરશે, તો અમે તેમના પર અગાઉ ક્યારેય ન જોઈ હોય તેવી પ્રચંડ તાકાતથી વળતો પ્રહાર કરીશું×.

આયતુલ્લા અલી ખામેનેઈના નિધન બાદ તેમના પુત્ર મોજતબા ખામેનેઈને નવા સુપ્રીમ લીડર તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા છે. સત્તા સંભાળતાની સાથે જ તેમણે ઈઝરાયલ અને અમેરિકા સામે 'ઈતિહાસના સૌથી વિનાશક ઓપરેશન'ની જાહેરાત કરી હતી, જેના જવાબમાં હવે ટ્રમ્પે સીધી ચેતવણી આપી છે.

## દુબઈની વર્લ્ડ ફેમસ બુર્જ અલ અરબ હોટલ પર ઈરાને કર્યો હતો હુમલો, જ્યાં રોકાય છે દુનિયાભરના અમીરો

ઈરાને અમેરિકા અને ઈઝરાયેલના હુમલાના જવાબમાં મધ્ય પૂર્વના દેશો પર વળતા પ્રહાર કર્યા છે. આ હુમલાઓમાં મુખ્યત્વે અમેરિકી સૈન્ય મથકો નિશાને રહ્યા હતા, પરંતુ કેટલાક હુમલા રહેણાંક વિસ્તારોમાં પણ થયા છે. ઈઝરાયેલે ખાડીના ૮ દેશો પર હુમલો કર્યો હોવા છતાં, ઈરાનના નિશાને સૌથી વધુ ેછઈ જોવા મળી રહ્યું છે. દુબઈ અને અબુ ધાબી પર ઈરાનની મિસાઈલો અને ડ્રોન દ્વારા ભારે તબાહી મચાવી રહ્યા છે. દુબઈ પર થયેલા હુમલાઓમાં એક હુમલો અહીંની સૌથી પ્રખ્યાત હોટલ બુર્જ અલ અરબ પર પણ કરવામાં આવ્યો છે.



દુનિયાની સૌથી મોંઘી અને લક્ઝરી હોટલોમાં ગણાતી આ હોટલ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. શનિવારની રાત્રે થયેલા ઈરાનના હુમલાએ આ સ્થળને દહેશતમાં મૂકી દીધું છે. બુર્જ અલ અરબ પરના હુમલાના સમાચાર વાયુવેગે આખી દુનિયામાં ફેલાઈ ગયા છે. જોકે દુબઈમાં કોઈ અમેરિકી બેઝ નથી, પરંતુ ઈરાને આર્થિક અને વ્યૂહાત્મક કારણોસર તેને નિશાન બનાવ્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર આગ મામૂલી હતી અને તેને તરત જ કાબૂમાં લેવામાં આવી હતી.

સમુદ્રની વચ્ચેથી નીકળતા એક મોટા વહાણના સઢ (જીદ્વૈ઼) જેવો આકાર ધરાવતી આ હોટલ મધ્ય પૂર્વની સૌથી પ્રખ્યાત ઈમારત છે. ૧૯૯૯માં ખુલેલી અને જુમેરાહ ગ્રુપ દ્વારા નિર્મિત આ હોટલને બ્રિટિશ આર્કિટેક્ટ ટૉમ રાઈટે પરંપરાગત અરેબિયન 'ઢો' (ઢ્ર્ૈ) વહાણ જેવી ડિઝાઈન કરી હતી. આ હોટલની ઉંચાઇ અરબી સમુદ્રથી ૩૨૧ મીટર ઊંચી. તે પોતાના એક આર્ટિફિશિયલ આઈલેન્ડ (કૃત્રિમ ટાપુ) પર બનેલી છે, જે એક પ્રાઈવેટ બ્રિજ દ્વારા મુખ્ય જમીન સાથે જોડાયેલ છે.

અહીં રોકાવું એ સામાન્ય માણસ માટે એક સપના જેવું છે. સૌથી સસ્તા વન-બેડરૂમ સુઈટનું ભાડું એક રાતનું અંદાજે ?૧.૨૫ લાખથી ?૧.૭ લાખ (૧૫૦૦-૨૦૦૦ેજીઢ) છે, જ્યારે લક્ઝરી સુઈટનું ભાડું ૧૫ હજાર ડોલર સુધી જઈ શકે છે.સત્તાવાર રીતે દુનિયામાં ક્યાંય 'સેવન-સ્ટાર' રેટિંગ હોતું નથી. એવું કહેવાય છે કે, એક પત્રકારે જ્યારે અહીંની લક્ઝરીનો અનુભવ કર્યો ત્યારે તેને 'ફાઈવ-સ્ટાર' કરતા પણ ક્યાંક વધુ ગણાવ્યો અને ત્યારથી આ હોટલ પર 'સેવન-સ્ટાર'નું લેબલ લાગી ગયું.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી કેન્દ્રીય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણિયાની અધ્યક્ષતામાં ભાવનગર બોટાદ જિલ્લામાં ૨૬૩૬ જેટલા દિવ્યાંગોને રૂ. ૩.૮૮ કરોડની કિંમતના સાધન સહાય વિતરણ કરાયા



કેન્દ્રીય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણિયાની અધ્યક્ષતામાં ઔદ્યોગિક તાલીમ સંસ્થા (), તળાજા ખાતે ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (દ્ગય્ઝ) ની ઝજીઇ યોજના તથા ભારત સરકારની એડિપ (છઙ્ઢૈંઁ) યોજના અંતર્ગત દિવ્યાંગજનો માટે નિઃશુલ્ક સહાયક સાધનો વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

આ તકે કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નીમુબેન બાંભણિયા એ જણાવ્યું હતું કે ૨૬૩૬ ની જેટલા દિવ્યાંગોને ૧૯ પ્રકારના સાધનો રૂ. ૩.૮૮ કરોડની આસપાસના સાધન સહાય વિતરણ કરવામાં આવ્યા છે. દિવ્યાંગો ને સાધન સહાય મળવાથી એમના જીવન ધોરણમાં સુધારો આવશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી નેતૃત્વમાં દિવ્યાંગજન નામ આપીને દિવ્યાંગોને સન્માન આપ્યું છે. કેમ્પમાં સાધન સહાયથી દિવ્યાંગજનો પોતાના કામો સરળતાથી કરી શકશે એટલું જ નહી સ્વમાનભેર જીવી શકશે.

વધુમાં જણાવ્યું હતું કે દેશમાં છેલ્લા ૧૧ વર્ષમાં ૧૮૦૦૦ જેટલા કેમ્પો થયા છે. આ કેમ્પોમાં સાધનો મેળવીને દિવ્યાંગોના જીવનમાં પરિવર્તન આવ્યું છે. આ ઉપરાંત બજેટમાં દિવ્યાંગો માટે વિશિષ્ટ જોગવાઈ કરવામાં આવી છે. દિવ્યાંગ કૌશલ્ય યોજના અંતર્ગત દિવ્યાંગો ને તાલીમ આપવામાં આવશે તેમજ સ્વરોજગાર આપવામાં આવશે. સરકારી નોકરીમાં દિવ્યાંગો માટે આરક્ષણ ૩ % થી વધારીને ૪ % કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સરકારની દિવ્યાંગો માટે અનેક યોજનાઓ કાર્યરત છે.

આ તકે બોટાદમાં તા. ૫ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ યોજાયેલ કેમ્પમાં ૨૬૧ લાભાર્થીઓને ૪૭૮ સાધન સહાય રૂ. ૩૯,૭૪,૦૮૪ ના ખર્ચે, સિહોરમાં તા. ૬ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ યોજાયેલ કેમ્પમાં ૧૯૮ લાભાર્થીઓને ૩૬૨ સાધન સહાય રૂ. ૨૮,૪૮,૦૧૪ ના ખર્ચે, પાલીતાણામાં તા. ૭ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ યોજાયેલ કેમ્પમાં ૩૬૬ લાભાર્થીઓને ૭૩૭ સાધન સહાય રૂ. ૬૨,૮૯,૦૪૭ ના ખર્ચે, ભાવનગર શહેરમાં તા. ૧૬ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ યોજાયેલ કેમ્પમાં ૧૦૧૭ લાભાર્થીઓને ૧૭૬૯ સાધન સહાય રૂ. ૧,૨૪,૭૯,૬૬૭ ના ખર્ચે, ગઢડામાં તા. ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ યોજાયેલ કેમ્પમાં ૩૧૫ લાભાર્થીઓને ૬૨૯ સાધન સહાય રૂ. ૪૯,૬૨,૪૮૫ ના ખર્ચે, ઉમરાળામાં તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ યોજાયેલ કેમ્પમાં ૯૦ લાભાર્થીઓને ૧૭૭ સાધન સહાય રૂ. ૧૪,૦૪,૫૩૪ ના ખર્ચે તેમજ તળાજામાં તા. ૧ માર્ચ ૨૦૨૬ ના રોજ યોજાયેલ કેમ્પમાં ૩૮૯ લાભાર્થીઓને ૭૦૬ સાધન સહાય રૂ. ૬૮,૭૭,૯૬૯ ના ખર્ચે અમે કુલ ૨૬૩૬ લાભાર્થીઓને ૪૮૫૮ સાધન સહાયનું રૂ. ૩,૮૮,૩૫,૮૦૦ ના ખર્ચથી વિતરણ કરવામાં આવ્યું હતું.આ તકે તળાજાના ધારાસભ્ય શ્રી ગૌતમભાઈ ચૌહાણ અને મહુવાના ધારાસભ્ય શ્રી શીવાભાઈ ગોહિલ એ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું.

આ કાર્યક્રમનું સ્વાગત પ્રવચન જિલ્લા કલેક્ટર શ્રી ડૉ. મનીષ કુમાર બંસલ અને આભારવિધિ જિલ્લા વિકાસ અધિકારી શ્રી હનુલ ચૌધરી એ કરી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે ભાવનગર જિલ્લાનાના તળાજા અને મહુવા તાલુકાના કુલ ૩૮૯ દિવ્યાંગજનોને પૂર્વે ચિહ્નિત કરવામાં આવ્યા હતા જે અંતર્ગત રૂ. ૬૪,૪૦,૬૦૪/- ના ખર્ચે ૭૦૬ સહાયક સાધનોનું વિતરણ

રાજ્યમંત્રીશ્રી, ઉપભોક્તા કાર્ય, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય, ભારત સરકાર તથા ભાવનગર અને બોટાદના સાંસદ શ્રીમતી નીમુબેન બાંભણિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. પરીક્ષણ શિબિર બાદ કુલ ૨૬૩૬ દિવ્યાંગજનોને અંદાજે રૂ. ૩.૮૮ કરોડની કિંમતના ૪૮૫૮ સહાયક સાધનોના નિઃશુલ્ક વિતરણ બોટાદ, શિહોર, પાલિતાણા, ભાવનગર શહેર, ગઢડા, ઉમરાળા અને તળાજા તાલુકા ખાતે વિતરણ કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનિય છે કે વર્ષ ૨૦૧૮ બાદ દિવ્યાંગોને સાધન સહાય અર્પણ કરવાનો આટલી મોટી સંખ્યામાં કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

તંત્રી લેખ....

## વોર ઈફેકટઃ સોના, ચાંદી તથા ક્રૂડમાં ઉછાળો

અમદાવાદ,મુંબઈ : અમેરિકા તથા ઈઝરાયલ દ્વારા ઈરાન પર, અફઘાનિસ્તાન અને પાકિસ્તાન તથા રશિયા અને યુક્રેન વચ્ચે યુધ્ધનો માહોલ ગરમાતા વિશ્વના વિવિધ બજારો પર તેના તાત્કાલિક પ્રત્યાઘાતો જોવા મળ્યા હતા. આજે સોના- ચાંદી તથા ક્રૂડતેલના ભાવમાં તેજીનો ચમકારો જોવા મળ્યો હતો. બીજી તરફરૂપિયો નબળો પડતાં ડોલરના ભાવ વધીરૂ.૯૧ની સપાટી પાર કરી ગયો હતો. અમદાવાદ સોના-ચાંદી બજારમાં બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ ઝડપીરૂ.૧૧૫૦૦ ઉછળ્યા હતા. જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના ઝડપીરૂ.૨૫ હજાર ઉછળ્યા હતા. મુંબઈ બુલીયન બજાર શનિવારના સત્તાવાર બંધ રહી હતી પરંતુ બંધ બજારે મુંબઈ ખાતે ચાંદીના ભાવરૂ.૨૮ હજાર ઉછળ્યા હતા. દરમિયાન, વોર ઈફેકટ વચ્ચે વિશ્વબજારમાં સોનાના ભાવ ઔંશના ૫૧૮૭થી ૫૧૮૮ ડોલરથી ઉછળી ૫૨૦૦ ડોલર ઉપર ૫૨૭૮થી ૫૨૭૯ ડોલરના ભાવ છેલ્લે સપ્તાહના અંતે રહ્યાના નિર્દેશો હતા. વિશ્વબજારમાં વોરના પગલે સોનામાં ફંડોનું સેફ હેવન બાઈંગ વધ્યાના બજારના સૂત્રો જણાવી રહ્યા હતા. દરમિયાન, સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ પણ ઔંશના ૮૯.૭૮થી ૮૯.૭૯ ડોલરથી ઉછળી ૯૩.૭૮થી ૯૩.૭૯ ડોલર રહ્યા હતા. વિશ્વબજાર ઉછળતા તથા ઘરઆંગણે ડોલર સામેરૂપિયો તૂટતાં દેશમાં ઈમ્પોર્ટ થતી કિંમતી ધાતુઓની ઈમ્પોર્ટ કોસ્ટ વધી ગઈ હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા.

દરમિયાન, મુંબઈ કરન્સી બજારમાં બંધ બજારેરૃયિા સામે ડોલરના ભાવરૂ.૯૦.૯૬થી ૯૦.૯૭ વાળા વધીરૂ.૯૧.૦૯થી ૯૧.૧૦ આસપાસ બોલાઈ રહ્યા હતા. વૈશ્વિક ક્રુડતેલના ભાવ ઉંચકાતાં તથા મુંબઈ શેરબજારમાં સોમવારે બજાર ઘટવાની ભીતી વચ્ચેરૂપિયા પર દબાણ વધ્યાના સંકેતો મળ્યા હતા. દરમિયાન, અમદાવાદ બજારમાં આજે સોનાનાભાવ વધી ૯૯૫નારૃ.૧૭૪૭૦૦ તથા ૯૯૯ના રૂ.૧૭૫૦૦૦ બોલાયા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ વધીરૂ.૨૮૫૦૦૦ રહ્યા હતા. મુંબઈ બુલીયન બજારમાં સોનાના ભાવ વધી જીએસટી વગર ૯૯૫નારૂ.૧૬૯૦૦૦ તથા ૯૯૯નારૂ.૧૬૯૬૦૦ રહ્યા હતા જ્યારે મુંબઈ ચાંદીના ભાવ ઉછળી જીએસટી વગરરૂ.૨૯૫૦૦૦ બોલાયા હતા. મુંબઈ સોના- ચાંદીમાં જીએસટી સાથેન ભાવ આ ભાવથી ત્રણ ટકા ઉંચા રહ્યા હતા.દરમિયાન, વૈશ્વિક ક્રૂડતેલના ભાવ આશરે ત્રણ ટકા ઉછળ્યા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના વધી ૭૩ ડોલર વટાવી ઉંચામાં ૭૩.૫૪ ડોલર સુધી પહોંચ્યા હતા. ઈરાનનારૂટ પર સ્ટ્રેઈટ ઓફ હોર્મઝની કેનાલ દરીયાઈ માર્ગમાં આવે છે તથા આરૂટ પર ક્રૂડની વૈશ્વિક અવરજવર વધુ રહેતી હોય છે

# અમેરિકાએ ઈરાન પર હુમલાઓને 'ઓપરેશન એપિક ફ્યુરી' નામ આપ્યું

વોશિંગ્ટન,

શનિવારે કરવામાં આવેલા હુમલાઓ પછી, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પુષ્ટિ આપી છે કે યુનાઈટેડ સ્ટેટ્સે ×ઈરાનમાં મોટી લડાઈ કાર્યવાહી× શરૂ કરી છે. તેહરાનમાં અનેક વિસ્ફોટો થયા બાદ આ હુમલાઓ થયા હતા, જેમાં સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનીની ઓફિસો નજીક પણ સમાવેશ થાય છે, અને ઈઝરાયલે તેની કાર્યવાહીને ×પ્રીમેપ્ટિવ સ્ટ્રાઇક× ગણાવી હતી.

ટ્રમ્પની ઈરાની નાગરિકોને સીધી અપીલ

ઈરાની વસ્તીને સીધી રીતે નિશાન બનાવતા એક દુર્લભ સંબોધનમાં, ટ્રમ્પે કહ્યુંઃ ×છેવટે, ઈરાનના મહાન, ગૌરવશાળી લોકોને, હું આજે રાત્રે કહું છું કે તમારી સ્વતંત્રતાનો સમય નજીક છે... જ્યારે આપણે પૂર્ણ કરી લઈશું, ત્યારે તમારી સરકાર સંભાળો. તે તમારે લેવાની રહેશે. આ કદાચ પેઢીઓ માટે તમારી એકમાત્ર તક હશે.×

તેમણે ઈરાની સશસ્ત્ર દળો અને પોલીસને પણ સંબોધન કર્યું, તેમને તેમના શસ્ત્રો મૂકવા વિનંતી કરી અને જો તેઓ પાલન કરે તો સંપૂર્ણ પ્રતિરક્ષાનું વચન આપ્યું, પ્રતિકાર કરનારાઓ માટે ×ચોક્કસ મૃત્યુ× ની ચેતવણી આપી.

ટ્રમ્પે ભાર મૂક્યો કે યુનાઈટેડ સ્ટેટ્સ આ ઐતિહાસિક ક્ષણમાં ઈરાની લોકોને ભારે સમર્થન પૂરું પાડી રહ્યું છે, એમ કહીને કે અગાઉના કોઈ પણ અમેરિકન રાષ્ટ્રપતિ આ રીતે કાર્ય કરવા તૈયાર નહોતા.

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધી રહેલો તણાવ

આ હુમલાઓ બાદ, ઈઝરાયલે બદલામાં મિસાઈલો છોડ્યાના અહેવાલો પછી રાષ્ટ્રવ્યાપી ચેતવણી જારી કરી હતી. તેહરાને ઈઝરાયલના અચાનક હુમલાનો ×કડક જવાબ× આપવાની પ્રતિજ્ઞા લીધી છે, જેનાથી આ ક્ષેત્રમાં વધુ તણાવ વધવાની આશંકા છે.

જેરુસલેમ અને તેલ અવીવ સહિતના મુખ્ય શહેરોમાં હવાઈ હુમલાના સાયરન વાગતા ઈઝરાયલી સૈન્યએ નાગરિકોને સતર્ક રહેવાની ચેતવણી આપી હતી અને લોકોને સંભવિત મિસાઈલ ધમકીઓ માટે તૈયાર રહેવાની સલાહ આપી હતી.

ઈરાનમાં નાગરિકો માટે આંતરરાષ્ટ્રીય સલાહ

ચાલુ સંઘર્ષને ધ્યાનમાં રાખીને, ઈરાનમાં ભારતીય દૂતાવાસે એક સલાહ જારી કરીને ભારતીય નાગરિકોને અત્યંત સાવધાની રાખવા અને ઘરની અંદર રહેવાની વિનંતી કરી હતી. ×ઈરાનમાં રહેલા તમામ ભારતીય નાગરિકોને અત્યંત સાવધાની રાખવા, બિનજરૂરી હિલચાલ ટાળવા અને શક્ય હોય ત્યાં સુધી ઘરની અંદર રહેવાની સલાહ આપવામાં આવે છે,× દૂતાવાસે ઠ (અગાઉ ટ્વિટર) પર એક પોસ્ટમાં જણાવ્યું હતું.

પેન્ટાગોને શનિવારે જણાવ્યું હતું કે યુનાઈટેડ સ્ટેટ્સ સૈન્યએ ઈરાન પરના તેના હુમલાઓને ×ઓપરેશન એપિક ફ્યુરી× નામ આપ્યું છે. ઈઝરાયલે, યુએસની મદદથી, ઈરાન સામે પૂર્વ-ઉત્પાદક લશ્કરી હુમલો શરૂ કર્યો.

આ હુમલો સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનીની ઓફિસો નજીક થયો હોવાના અહેવાલ છે.

આ ઘટનાક્રમ એવા સમયે આવ્યો છે જ્યારે ઈરાન અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે તેહરાનના પરમાણુ કાર્યક્રમને લઈને તણાવ વધી રહ્યો છે.

ટ્રમ્પ ઈરાનના પરમાણુ કાર્યક્રમને મર્યાદિત કરવા માટે એક સોદો ઈચ્છતા હતા, અને તેઓ એક તક જુએ છે જ્યારે દેશવ્યાપી વિરોધને કારણે દેશમાં વધી રહેલા વિરોધ સાથે સંઘર્ષ કરી રહ્યો છે.

ઈરાન યુદ્ધ ટાળવાની આશા રાખતો હતો, પરંતુ યુરેનિયમને સમૃદ્ધ બનાવવાનો તેનો અધિકાર છે અને તે તેના લાંબા અંતરના મિસાઈલ કાર્યક્રમ અથવા હમાસ અને હિઝબુલ્લાહ જેવા સશસ્ત્ર જૂથોને સમર્થન જેવા અન્ય મુદ્દાઓ પર ચર્ચા કરવા માંગતો નથી.

ઈઝરાયલના સંરક્ષણ પ્રધાન ઈઝરાયલ કાત્ઝે આ હુમલાને ×ધમકી દૂર કરવા× માટે કરવામાં આવ્યો હોવાનું વર્ણવ્યું. તેમણે વધુ વિગતવાર માહિતી આપી ન હતી.

મીડયા સુત્રોના અહેવાલ મુજબ, ઈઝરાયલમાં ઘણી હોસ્પિટલોએ તેમના કટોકટી પ્રોટોકોલ શરૂ કર્યા, જેમાં દર્દીઓ અને સર્જરીઓને ભૂગર્ભ સુવિધાઓમાં ખસેડવાનો સમાવેશ થાય છે.

તેહરાનમાં, સાક્ષીઓએ ખામેનીની ઓફિસ દ્વારા પહેલો ધડાકો સાંભળ્યો. ઈરાની રાજ્ય ટેલિવિઝન પાછળથી કોઈ કારણ આપ્યા વિના વિસ્ફોટ અંગે અહેવાલ આપ્યો.

જ્યારે તેણે તેનું હવાઈ ક્ષેત્ર બંધ કર્યું ત્યારે તે જ સમયે સમગ્ર ઈઝરાયલમાં સાયરન વાગ્યું. ઈઝરાયલી સૈન્યએ કહ્યું કે તેણે ×ઈઝરાયલ રાજય તરફ મિસાઈલો છોડવાની શક્યતા માટે જનતાને તૈયાર કરવા માટે સક્રિય ચેતવણી× જારી કરી છે.

આ દરમિયાન, ઈરાને તેનું હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધું અને મોબાઈલ ફોન સેવાઓ બંધ કરી દેવામાં આવી.

ઈરાનની રાજધાની તેહરાનમાં વિસ્ફોટો થતાં પાઈલટોને ચેતવણી આપવામાં આવી.

## બોલિવિયન એરફોર્સ હર્ક્યુલસ કાર્ગો પ્લેન લા પાઝ નજીક અલ અલ્ટો ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ટેકઓફ બાદ થયું ક્રેશ

સુક્રે,

શુક્રવાર (૨૭ ફેબ્રુઆરી) ના રોજ લા પાઝ નજીક એલ અલ્ટો ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ટેકઓફ કર્યા પછી બોલિવિયન એરફોર્સ હર્ક્યુલસ કાર્ગો પ્લેન અચાનક જ નીચે પડી ગયું, જેમાં આગ લાગી અને રનવે પરથી નીચે પડી ગયું. સેન્ટ્રલ બેંકમાંથી તાજી છાપેલી નોટો ભરેલું વિમાન, જે અન્ય શહેરો માટે રવાના થયું હતું, તે નજીકના હાઈવે પર અથડાયું, જેના કારણે ઓછામાં ઓછા એક ડઝન વાહનોને નુકસાન થયું અને રસ્તા પર કાટમાળનો એક ટ્રેઈલ છોડીને નજીકના ખેતરમાં ઘસી ગયું. ફાયર ચીફ પાવેલ તોવરે ઓછામાં ઓછા ૧૫ લોકોના મોતની પુષ્ટિ કરી છે, જોકે તે સ્પષ્ટ નથી કે મૃત્યુ પામેલા લોકોમાં વિમાનમાં સવાર ક્રૂ સભ્યોનો સમાવેશ થાય છે કે અકસ્માતમાં ફસાયેલા મોટરચાલકો. સોશિયલ મીડિયા છબીઓએ ભયાનક દ્રશ્ય કેદ કર્યુંઃ વિકૃત ધાતુનો કાટમાળ, નાશ પામેલી કાર, છૂટાછવાયા મૃતદેહો અને અગ્નિશામક દળો તીવ્ર આગ સામે લડી રહ્યા હતા જેણે આખરે ફ્યુઝલેજને ઓલવતા પહેલા ફ્યુઝલેજને ઘેરી લીધું.

બોલિવિયાની રાજધાનીની પડોશી ઉચ્ચ-ઊંચાઈવાળા શહેર એલ અલ્ટોમાં વિમાનના અનિયંત્રિત માર્ગે વિનાશ વેર્યો, એક વ્યસ્ત હાઈવેને ભયાનક ક્ષેત્રમાં ફેરવી દીધો. આ ટક્કરનો સૌથી મોટો ભોગ ઓછામાં ઓછા ૧૫ વાહનો હતા, જેમાં પ્રત્યક્ષદર્શીઓના વીડિયોમાં વિમાન ટ્રાફિકમાં ફસાઈ ગયું હતું, કાર ફરતી થઈ ગઈ હતી અને અંધાધૂંધી વચ્ચે આગ લાગી હતી. કટોકટીના પ્રતિભાવ આપનારાઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા, વિમાનના ભાગો, ભાંગી પડેલા વાહનો અને અંગત સામાનથી ભરેલા લેન્ડસ્કેપને શોધખોળ કરતા હતા. ટોવરના પ્રારંભિક મૂલ્યાંકનમાં સંડોવણીનું પ્રમાણ પ્રકાશિત થયું હતું, કારણ કે બચાવ ટીમો ધુમાડા અને વિકૃત કાટમાળ વચ્ચે પીડિતોનો હિસાબ કરવા અને વિસ્તારને સુરક્ષિત કરવા માટે કામ કરી રહી હતી.

દુર્ઘટના વચ્ચે એક વિચિત્ર વળાંકમાં, નવી નોટોનો વિમાનનો કાર્ગો અથડાતા જ ખુલ્લો પડી ગયો, જેનાથી હાઈવે અને આસપાસના ખેતરોમાં રોકડનો વરસાદ થયો. વાયરલ સોશિયલ મીડિયા ફૂટેજમાં સેંકડો દર્શકો સ્થળ પર ઉમટી પડ્યા હતા, વેરવિખેર નોટો કબજે કરવા માટે દોડી રહ્યા હતા, જે પ્રારંભિક બચાવ પ્રયાસોને ઢાંકી દેતા હતા. હુલ્લડના સાધનો પહેરેલી પોલીસે, તકવાદી ભીડને વિખેરવા માટે ટીયર ગેસ અને ભૌતિક અવરોધો ગોઠવ્યા હતા, સત્તાવાળાઓ મૂલ્યવાન પેલોડ મેળવવા માટે દોડી રહ્યા હતા ત્યારે થોડી વ્યવસ્થા પુનઃસ્થાપિત કરી હતી. આ ઘટનાએ માત્ર માનવ નુકસાનમાં વધારો જ કર્યો ન હતો પરંતુ ઉચ્ચ-મૂલ્યના માલને હવાઈ માર્ગે પરિવહન કરવામાં નબળાઈઓ પણ છતી કરી હતી.

બોલિવિયાના અધિકારીઓએ અલ અલ્ટો એરપોર્ટ પર આવતી અને જતી બધી ફ્લાઈટ્સ તાત્કાલિક અટકાવી દીધી, જેના કારણે મુસાફરો ફસાઈ ગયા અને કામગીરી અટકાવી દેવામાં આવી કારણ કે તપાસકર્તાઓ ક્રેશના કારણની તપાસ કરી રહ્યા હતા - કદાચ યાંત્રિક નિષ્ફળતા, પાઈલટની ભૂલ, અથવા પાતળા એન્ડિયન હવામાં ઉચ્ચ-ઉંચાઈ પર ઉડાન ભરવાના પડકારો. બોલિવિયાના વાયુસેનાએ નિયમિત સ્થાનિક લોજિસ્ટિક્સમાં હર્ક્યુલસ મોડેલની ભૂમિકાની પુષ્ટિ કરી, જ્યારે આવા મિશન માટે સલામતી પ્રોટોકોલ પર પ્રશ્નો ઉભા રહ્યા.

# નીલવર્ણી કલાનો સંગમઃ રાકેશ ગુજ્જરની બ્લુ પોટરી કલાનું ગાંધીનગરના વસંતોત્સવમાં શાહી પ્રદર્શન







ગાંધીનગરના આંગણે વસંતોત્સવના રંગો સાથે નીલવર્ણી કલાએ લોકોમાં અદભૂત આકર્ષણ જગાવ્યું છે. એક તરફ વસંતના રંગે રંગાયેલા લોકમન જ્યારે બ્લુ પોટરીની સુંદરતા સાથે ભળે, ત્યારે સર્જાય છે એક અદભૂત નઝારો! જયપુરની વિશ્વપ્રસિદ્ધ 'બ્લુ પોટરી'ના જાણીતા કલાકાર રાકેશ ગુજ્જર વસંતોત્સવમાં હસ્તકલાનો એક અણમોલ ખજાનો લઈને આવ્યા છે. માટી અને કુદરતી રંગોના મિશ્રણથી બનેલી આ કલામાં પરંપરા અને આધુનિકતાનો સુમેળ એક નજરે મોહીને રાકેશભાઈના સ્ટોલ સુધી ખેંચી લાવે છે.

રાકેશભાઈ જયપુરના એવા કલાકાર છે જેમના હાથોમાં માટી જીવંત થઈ ઉઠે છે. તેઓ જે કલા લાવ્યા છે તે છે—બ્લુ પોટરી. કાચ, માર્બલ પાવડર, મુલતાની માટી અને ગુંદરના મિશ્રણમાંથી બનેલા ફૂલદાની, કપ-રકાબી અને શો-પીસ પર જ્યારે વાદળી અને સફેદ રંગની ભાત ઉપસી આવતી, ત્યારે જોનારાની આંખો ત્યાં જ થંભી જતી હતી.

×આ કળામાં માત્ર મહેનત નથી, પણ જયપુરનો આત્મા વસેલો છે,× તેમ સમજાવતા રાકેશભાઈએ બ્લુ પોટરી કલા વિશે જણાવ્યું હતું કે, આ કળા પર્શિયા (ઈરાન) થી ભારત આવી હતી, તેને સાચું ઘર રાજસ્થાનમાં મળ્યું. ૧૯મી સદીમાં જયપુરના મહારાજા રામસિંહ બીજાએ આ કળાને આશ્રય આપ્યો અને આજે તે જયપુરની ઓળખ બની ગઈ છે.×

રાકેશભાઈએ કુતૂહલવશ પૂછતા મુલાકાતીઓને તેની જટિલ પ્રક્રિયા સમજાવી હતી. સૌ પ્રથમ માર્બલ પાવડર, મુલતાની માટી, ગુંદર અને સાજીખારનું ચોક્કસ માપ લઈ એક લોટ જેવું મિશ્રણ તૈયાર કરવામાં આવે છે. આ મિશ્રણને હાથથી વણીને અલગ-અલગ બીબામાં ઢાળવામાં આવે છે અને પછી તેને સૂકવવામાં આવે છે. સૂકાઈ ગયા પછી રેગમાલથી તેને ઘસીને એકદમ લીસું કરવામાં આવે છે. હવે આ સૌથી મહત્વના તબક્કામાં વસ્તુ પર ચિત્રકામ કરવામાં આવે છે. રાકેશભાઈ 'ખિસકોલીના વાળ' માંથી બનેલી બ્રશ વડે ખૂબ જ ઝીણવટભર્યું ચિત્રકામ કરે છે. જેમાં કોબાલ્ટ ઓક્સાઈડથી વાદળી રંગ અને કોપર ઓક્સાઈડથી લીલો રંગ પૂરવામાં આવે છે. છેલ્લે તેના પર કાચના પાવડરનું પડ ચડાવવામાં આવે છે અને તેને ભઠ્ઠીમાં લગભગ ૮૦૦ થી ૮૫૦ સે. તાપમાને પકવવામાં આવે છે.

આ પ્રક્રિયામાં એક નાની ભૂલ પણ આખી મહેનત પર પાણી ફેરવી શકે છે, પણ રાકેશભાઈ જેવા કુશળ કારીગરો માટે આ વર્ષોની તપસ્યા છે.જ્યારે ગાંધીનગરના વસંતોત્સવમાં લોકોએ જોયું કે એક કપ બનાવતા પાછળ કેટલી મહેનત અને કેટલો ઈતિહાસ છુપાયેલો છે, ત્યારે તેઓ દંગ રહી ગયા હતા.

વસંતોત્સવમાં આવતા મુલાકાતીઓ જ્યારે રાકેશભાઈના સ્ટોલ પર અટકતા, ત્યારે તેમની નજર કેટલીક ખાસ ચીજવસ્તુઓ પર સ્થિર થઈ જતી. બ્લુ પોટરીની ઝીણી કોતરણીવાળી રાજવી સૂરજમુખી ફૂલદાની, જયપુરી શૈલીના પક્ષીઓ અને વેલબુટ્ટાની ભાત કંડારેલી પરંપરાગત ટાઈલ્સ, આલિશાન ટી-સેટએ વસંતોત્સવની રોનક વધારી દીધી હતી. તો, કી-ચેન, અત્તરની શીશીઓ અને નાના દીવાઓ, જે બ્લુ પોટરીની સુંદરતાને દરેકના ખિસ્સા સુધી પહોંચાડતા હતા.

રાકેશભાઈ ગ્રાહકોને પોતાની આ ખાસ પ્રોડક્ટ્સ વિશે ગર્વથી કહેતા હતા, ×આ માત્ર માટી નથી, આ તો પથ્થર અને કુદરતી રંગોનો સંગમ છે. આ ક્યારેય જૂની નહીં થાય અને તેનો રંગ કદી ઝાંખો નહીં પડે.×

સામાન્ય રીતે કોઈ મોટા પ્રદર્શનમાં ભાગ લેવો એ નાના કારીગરો માટે ખર્ચાળ હોય છે, પરંતુ અહીં સ્થિતિ અલગ હતી. રાકેશભાઈએ ખૂબ જ ગર્વ અને સંતોષ સાથે જણાવ્યું કે, ગુજરાત સરકાર દ્વારા આ પ્રદર્શનમાં તેમને સ્ટોલ માટે કોઈ પણ પ્રકારનું ભાડું લેવામાં આવ્યું નહોતું. સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા કારીગરોને રહેવા-જમવાની સુવિધા સાથે સીધું વેચાણ કરવાનું પ્લેટફોર્મ આપી સ્વદેશી કલાને પ્રોત્સાહન આપવા માટે તેમણે ગુજરાત સરકારનો ?આભાર વ્યક્ત કર્યો હતો. ગુજરાત સરકારના ઝીરો સ્ટોર ચાર્જના નિર્ણયને કારણે રાકેશભાઈ પોતાની આ કળાનું સાચું મૂલ્ય ગ્રાહકો સુધી પહોંચાડી શક્યા છે.

તેમણે આભાર માનતા કહ્યું કે ×હું જયપુરથી અહીં એક આશા લઈને આવ્યો હતો, અને ગુજરાતની જનતાએ મને જે પ્રેમ આપ્યો છે તે અવિસ્મરણીય છે. ખાસ કરીને ગુજરાત સરકારનો ખૂબ ખૂબ આભાર કે તેમણે અમારા જેવા હસ્તકલાના કલાકારોને કોઈ પણ આર્થિક બોજ વગર પોતાની સંપૂર્ણ સ્વદેશી બનાવટોને પ્રદર્શિત કરવાની આટલી મોટી તક આપીવસંતોત્સવમાં પ્રદર્શનમાં રાકેશભાઈનો સામાન હાલ સુધીમાં લગભગ સ્ટોલ પરનો પ્રદર્શિત તમામ સામાન વેચાઈ ગયો છે. વધુ સામાન તૈયાર કરી ગોઠવતા દરમિયાન તેમના ચહેરા પર એક અનોખી ચમક હતી. રાકેશ ગુજ્જરના મનમાં ગુજરાતની મહેમાનગતિ અને સરકારનો સહયોગ હંમેશ માટે અંકિત થઈ ગયો હતો.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO-195**
વિષય: હોળી ધૂળેટી
શીર્ષણ: હોળી પ્રજળે છે
પ્રકાર: પદ્ય
શબ્દો: ૯૪

હોળી હજુ સળગે છે

હોળી ગઈ ધુળેટી ગઈ,હજુય હોળી પ્રજળે છે,
માનવ્ય દેખાતું નથી, મહિલાઓ હજું સળગે છે.

પ્રહલાદનો પત્તો નથી,હિરણાકંસ અહી ભટકે છે,
હોલીકા ધ્રુજતી ફરે,વાસનાનો અગ્ની સળગે છે.

લાકડા, છાણા બળી ગયા, કૂંડ,કપટ પ્રજળે છે,
મોહ માયા મરતી નથી,હવસ હજું તો સળગેછે.

મારુ તારુ તાંસળામાં , અહંની આગ સળગે છે,
ફોગટ ફર્યા ફોટા પડાયા, ફેશનનું ફુમતું ફરકે છે.

કંકુ,ધાણી,ચોખા ચડાવ્યા, કામ,ક્રોધ, કકળે છે,
હું કરુ,હું કરુનો હું કાર,હરેક હૈયામાં સળગે છે.

હિરણાંક્ષ હજુ મર્યો નથી,હિરણ્યાકંસ ઘૂરકે છે,
માનવમાં વામન નથી નરસિંહ ક્યાં ઐ પ્રગટે છે.

અમૃત શ્રીમાળી (મહેસાણા)

★★★★★★★
**NOG SS NO 224**
વિષય :-હોળી ધુળેટી
શીર્ષક :-રંગ સંગ ઉમંગ
પ્રકાર :-પદ્ય - શબ્દ :-૧૦૫

હોળીના હર્ષે આજે આકાશ પણ રંગે છે,
ધુળેટીનો દિવસ મનમાં નવી ઉમંગે છે.

ગાલે ગુલાલ, નજરે પ્રીતિના અનેક રંગે છે,
દુઃખના બધાં અધ્યાય આજે ક્યાંક ભંગે છે.

માટીની સુગંધમાં આ વસંત પવન સંગે છે,
પ્રકૃતિના હૈયામાં ખુશીના સૂર તરંગે છે.

રાધા—કૃષ્ણની યાદ દરેક હૃદયમાં જાગે છે,
વૃંદાવનનો રાસ આજે ઘર આંગણે રંગે છે.

ઢોલની ધૂન સાથે સ્મિત અંગે અંગે છે,
વૈર-વિરોધનો પડછાયો આજે દુરંગે છે.

અબીલ-ગુલાલથી આકાશ પણ ઝળહળે છે,
હાસ્યના ફૂવારા ચારે તરફ છલંગે છે.

પ્રીત-હર્ષની હેલીમાં આત્મા પણ નાચે છે,
ઈશ્વરનો આશીર્વાદ જીવનમાં સંગે છે.

હોળી ધુળેટી ઉત્સવ પ્રેમના પવિત્ર રંગે છે,
'પ્રીતાર્ષ', દરેક દિલમાં આનંદ સદા જંગે છે.

પ્રીતિ શાહ પટેલ 'પ્રીતાર્ષ'
અમદાવાદ

★★★★★★★
**NOG SS NO 184**
વિષય :-હોળી ધુળેટી
શીર્ષક :-ભક્તિના રંગમાં
પ્રકાર :- પધ - શબ્દ :- ૯૫

હોળીના હર્ષે ઝૂમી ઉઠ્યું જગત રંગમાં,
ધુળેટીનો દિવસ ડૂબ્યો પ્રેમના રંગમાં।

અબીલની સુગંધ ભળી પવનના સંગમાં,
હૈયાંના બધાં ઘાવ ધોવાય સંબંધોના રંગમાં।

ઢોલના નાદે ધબકે હૃદય નવી ઉમંગમાં,
ગામ આખું ઝૂમતું જાય વસંતના રંગમાં।

રાધા—કૃષ્ણનો રાસ વસે દરેક અંગમાં,
આખું નારદીપુર ઊતરે ભક્તિના રંગમાં।

વૈર-વિરોધ તૂટે હાસ્યના એક ભંગમાં,
માફીની પિચકારી ભીંજવે આનંદના રંગમાં।

નાનો કે મોટો નથી કોઈ અહીં જંગમાં,
સૌ સમાન થઈ જાય માનવતાના રંગમાં।

ધુળેટી શીખવે છે જીવનનું સત્ય ઢંગમાં,
જીવવું હોય તો જીવો પ્રીતિના જ રંગમાં।

હર્ષિત હૃદય મગ્ન બને પ્રભુના સત્સંગમાં,
હરિ તો મળે 'હર્ષ', સહજ ભક્તિના રંગમાં।

હસમુખ બી. પટેલ 'હર્ષ'-'પરખ'
નારદીપુર-અમદાવાદ

★★★★★★★
**NOG. SS No: 194**
વિષય : હોળી ધુળેટી
શીર્ષક : 'હોળી ધુળેટી પ્રેમભક્તિનું સમીકરણ '
પ્રકાર : પદ્ય, શબ્દ : ૭૨

" વસંતને વધાવતો એ..આવ્યો,ફોરમતો આ ફાગણ,
હોળી ધુળેટીનું લાવ્યો પર્વ, મારાતે..એ આંગણ.

ફાગણી પૂનમે પ્રગટાવીને હોળી, શ્રીફળ- ધાણી કરતા અર્પણ,
સ્વસ્થ સ્વાસ્થ્યની કરી પ્રાર્થના, પ્રદક્ષિણાએ કરતા પ્રભુસ્મરણ.

પ્રહલાદનો થયેલ બચાવ બનતો, હર્ષપૂર્ણ ધૂળેટીનું કારણ,
ફાગ સંગ રંગોત્સવની ઉજવણીમાં, રહેતું એનું સ્મરણ.

કેસુડે ભીંજાતા મસ્ત યૌવને, રાધા-માધવ બનતા ઉદાહરણ,
કૃષ્ણધામો અને મંદિરોમાં દેખાતું , ઉમટેલું
આનંદિત માનવમેરામણ.

ભૂલી જુના વિવાદોને ધુળેટીએ,કરતા પ્રેમથી રમણ,
છડીદાર ગ્રીષ્મનું બનીને રંગપર્વ,રચતું પ્રેમભક્તિનું સમીકરણ. "

નામ: ખ્યાતિ જીગર દેસાઈ. અમદાવાદ.

★★★★★★★
**NOG SS 321**
વિષય. હોળી ધૂળેટી
શીર્ષક. રંગો નું પર્વ
પ્રકાર .ગદ્ય . શબ્દ ૧૯૬

હોળી—ધૂળેટી પર્વ રંગો, આનંદ અને એકતાનો સંદેશ આપે છે ભારત તહેવારોનો દેશ છે અને તેમાં હોળી—ધૂળેટી પર્વનું વિશેષ સ્થાન છે. ફાગણ માસની પૂર્ણિમાએ હોળી ઉજવાય છે અને તેના બીજા દિવસે ધૂળેટી મનાવવામાં આવે છે. આ તહેવાર વસંત ઋતુના આગમન અને આનંદની શરૂઆતનો પ્રતિક છે.
હોળી સાથે પ્રહલાદ અને હોલિકાની કથા પણ જોડાયેલી છે. દૈત્યરાજ હિરણ્યકશ્યપુએ પોતાના પુત્ર પ્રહલાદને ભગવાન વિષ્ણુની ભક્તિથી અટકાવવા અનેક પ્રયત્નો કર્યા, પરંતુ તે નિષ્ફળ ગયો. અંતે હોલિકા પ્રહલાદને અગ્નિમાં બેસાડે છે, પરંતુ ભગવાનની કૃપાથી પ્રહલાદ બચી જાય છે અને હોલિકા દહન પામે છે. તેથી હોળિકા દહન સત્યની અસત્ય પર વિજયનું પ્રતિક માનવામાં આવે છે.
હોળીના બીજા દિવસે લોકો રંગો અને ગુલાલથી એકબીજાને રંગે છે. ઢોલ-નગારા, ગીત-સંગીત અને નૃત્ય સાથે ઉત્સવ મનાવવામાં આવે છે. ઘરોમાં ગુજિયા, લાડુ અને પૂરણપોળી જેવી મીઠાઈઓ બનાવવામાં આવે છે. નાનાથી મોટાં સૌ એકબીજાને ગળે મળી પ્રેમ અને સદભાવ વ્યક્ત કરે છે.
હોળી,ધૂળેટી લોકો વચ્ચેનો ભેદભાવ દૂર કરી એકતા અને ભાઈચારાનો સંદેશ આપે છે. આ પર્વ આપણને અહંકાર, દ્વેષ અને નકારાત્મકતાને દહન કરીને જીવનમાં સકારાત્મકતા અપનાવવાનું શીખવે છે.
હોળી,ધૂળેટી માત્ર રંગોનો તહેવાર નથી, પરંતુ પ્રેમ, આનંદ અને નવી શરૂઆતનો પર્વ છે. આ પર્વ આપણને જીવનને રંગીન બનાવવાની અને સૌ સાથે ખુશીઓ વહેંચવાની પ્રેરણા આપે છે
લેખિકા. સુચિતા રાવલ
(ગાંધીનગર)

★★★★★★
**NOG SS 223**
વિષય : હોળી-ધૂળેટી
શીર્ષક:પરંપરા અને સનાતન પ્રેમ
પ્રકાર:પદ્ય
શબ્દ સંખ્યા: ૧૪૦

છે ભારતીય સંસ્કૃતિ પરંપરા પ્રાચીન આવો ઉજવીએ હોળી ધૂળેટી,
પ્રહલાદની પ્રભુશ્રદ્ધા અને સત્યભક્તિ હોલીકા થઈ ગઈ દહન.

પ્રકૃતિમાં વસંત પ્રગટે વૃંદાવને રાધાશ્યામ ઉજવે ફાગહોળી,
પ્રકૃતિ અને પરંપરાના અદ્ભૂત રંગો હોળીમાં પ્રગટે હૃદયે આનંદપ્રેમ.

મારું-તારું લઘુગુરુ છોડી તું રંગાઈ જાને હોળીના પ્રેમરંગમાં,
પુરુષ-પુરુષાતન અહ્મ છોડી ગોપીભાવે રમો રાસ શ્યામસંગમાં.

આ મહોત્સવ કલાનૃત્ય ગીતસંગીત પામો સ્વરથી ઈશ્વરને,
દ્વૈત છોડી દેશે સમાજ વિશ્ર્વમાં સ્થાપો સનાતન અદ્વૈતને.

આવો આજે કરીએ દહન કામક્રોધ લોભમોહ સર્વસમર્પણ હોળીને,
પામીએ પ્રભુપ્રેમ સેવા સ્નેહ સમર્પણ એ જ હોળી પ્રકાશ દર્શન.

વિવિધરંગો સંસારનાં પ્રકૃતિના સદા પ્રગટો માનવ હૃદયે,
કરી હોલિકા દર્શન પામીએ પરમ પ્રેમ રંગ ઉમંગ આનંદ હૃદયે

- દેવેન્દ્ર આચાર્ય (અમદાવાદ)

# રાજુ રદીને ફિલ્મમાં કયો રોલ મળ્યો??

ગિરધરલાલ, મોં મીઠું કરો.' રાજુએ મને કાજુ કતરીના પેકેટમાંથી બે ચાર કાજુ કતરી મારા મોઢામાં ઠુંસી દીધી. કાજુકતરી ગળે ઉતારતા ઓતરાશ આવી ગઈ. મે ખાંસી પર ખાંસી ખાધી.

' રાજુભાઈ શેની મિઠાઈ છે? તમે ડાળે વળગ્યા એની મિઠાઈ છે? ' રાધારાણીએ રાજુની દુખતી રગ પર હાથ મુકયો.

' શું તમે પણ ભાભી લગ્ન સિવાય બીજા ઘણા કામ દુનિયામાં છે.' રાજુએ એરંડિયું પીધું હોય તેવું કટાણું મોં કરી ઉતરેલ કઢી જેવો જવાબ આપ્યો.

' રાજુ શું વાત છે? કાજુ કતરીનુ આખું પેકેટ અમને આપે છે તો તોતિંગ સરપ્રાઈઝ હશે, ખરૂંને?' મે રાજુનો ખભો થાબડી હરખ વ્યક્ત કર્યો.

' ગિરઘરલાલ આઈ એમ સો એકસાઈટેડ' રાજુ રદી મારા ઘરે આવ્યો . રાજુએ સોડોવોટરની જેમ લાગણીનો ઉભરો ઠાલવ્યો . મને પકડીને ગોળ ગોળ ઘુમાવ્યો. મને આવેશથી જોરદાર ભટયો. મને લાગ્યું કે મારી એકબે પાંસળીઓ તૂટી ગઈ હશે.

' રાજુ મને છોડ. મને વર્ટિગોની બિમારી છે. મને શ્વાસ લેવા દે.' મેં હાંફતા હાંફતા રાજુને રિકવેસ્ટ કરી.

' ગિરધરલાલ, ખબર એવી છે કે તમે હલી જશો.' રાજુએ વાતમાં મોણ નાંખ્યું.

' રાજુ જે વાત હોય એ કહી દે. વાતવાતમાં વગદા ન કર. 'મે રાજુને ચેતવણી આપી.

' ગિરધરલાલ, મારી જીંદગીનું મહાન સ્વપ્ર પૂરું થયું. હવે હું સડસડાટ પ્રગતિ કરીશ. હું પાછું વળીને જોઈશ નહીં મારી કેરિયરને પાંખ લાગી જશે. તમે ય કહેશો કે રાજુ તુમ તો સાબ બન ગયા.'રાજુના શબ્દે શબ્દે ઉમળકો અમે સ્વપ્ર પારિજાતના પુષ્પોની માફકા સરકતા હતા. જીંદગી થોડા આંસુને ઝાંઝા હરખના ફૂલ છે. જો કે અતિમહત્વકાક્ષા ભલભલાને ધૂળ ચાટતા અને ફાંકતા કરી નાંખે છે તે અલગ વાત છે.
' રાજુ, તારી પ્રસ્તાવના સંપન્ન થઈ હોય તો મૂળ વાત કર.' મે રાજુ સમક્ષ ધ્યાનાકર્ષક પ્રસ્તાવ રજૂ કર્યો.

' ગિરધરલાલ અને ભાભી મને હિન્દી ફિલ્મમાં મોટો રેલ મળી ગયો છે. મારી હીરોઈન કુંભમેળામાં માળા વેચીને ચર્ચાના ચાકડે ચડેલ નીલી આંખોવાળી મોનાલીસા છે. યશરાજનું બેનર છે.કિરણરાવ દિગ્દર્શક છે. જતિન લલિતનું મ્યુઝિક અને જાવેદ અખ્તરના સંવાદો છે.' જૂના એકાએક પૂર્જા ઢીલા હતા અને લગીરે સીધા ટટાર ખડા રહી શકતા ન હતા તેવા દેવાનંદની જેમ રાજુ ઝૂલતો હતો.

હરેક વ્યક્તિનું ખ્વાબ કચકડામાં કંડારાઈને થિયેટરના પર્દે રજૂ થવાનું હોય છે. મુંબઈ માયાવી નગરી છે. સ્વપ્ર પૂર્તિ માટે ઘણા લોકો મુંબઈની વાંચ પકડે છે. સ્ટ્રગલ કરે છે. નાની મોટી ભૂમિકા કરે છે. પછી ઓળખાણ વગરનો એકસ્ટ્રા કલાકાર બની રહે છે. સ્વપ્ર સેવના એ અલગ વાત છે. સ્વપ્ર સિધ્ધિ માટે ઝઝુમવું એ અલગ વાત છે. સ્વપ્રભંગ થાય ત્યારે તૂટેલા સ્વપ્રની કરતો આંતરિક અને બાહ્ય લોહીલુહાણ કરી દે છે.

રાજુ રદી કોલેજથી તખ્તા પર અભિનયના અજવાળા પાથરતો હતો.રાજુએ એનએફએસડીમાંથી ડીગ્રી લીધેલ. નાટકનો લાંબો અનુભવ . તે મેથડ એકટર હતો.ઈપ્ટા અને આઈએનટીના એકાંકી કરતો હતો. અર્બન ગુજરાતી ફિલ્મોમાં પણ રોલ કરવા ઓડિશન આપતો હતો . પણ ક્યાંય ફાઈનલ સિલેકશન થતું ન હતું. તમે રણજી ટ્રોફીમા છસો વિકેટો લો કે ત્રીસ હજાર રન કરો અને ઈનિડિયન ક્રિકેટમાં રમવાની ડેબ્યુ કેપ ન મળે તો દિલને કેવી ચરચરાટી થાય? તેવી રાજુની સ્થિતિ હતી.

રાજુને મોટા બેનરની ફિલ્મ મળે તો મને તો આનંદ થાય જ ને? અમે કોલર ઉંચો કરીને કહીએ કે મિલિનિયમ સ્ટાર આર કુમાર અમારી પ ના ના અમે આર કુમાર સાથે બખડજંતર ચેનલના બધાની સાથે લમણા લેતા હતા.રાજુને એવો રોલ મળેલો કે ફિલ્મનો પ્રથમ શોટ રાજુ પર ફિલ્માવવાનો હતો.રાજુ હવે લઘરવઘર કેવી રીતે રહી શકે?રાજુએ થ્રી પીસ સૂટ ઠઠાડવાનું ચાલું કરેલ. બેન્ડ વાજાવાળાએ સૂટ પહેર્યો હોય .પરંતુ, પગમાં શુઝને બદલે હવાઈ સ્લિપર પહેરેલી હોય.રાજુએ તેના ખર્ચે ડાયરેટકને કરગરીને તેના શૂટીંગના સમયે મને,રાધારાણી અને બખડજંતના સર્વેસર્વા બાબુલાલને હાજર રહેવાની પરમિશન અને પાસ માંગી લીધેલા.

અમ વૃંદાવન સ્ટુડિયો પહોંચી ગયા. અમારી પાસે વેલિડ પાસ હતા એટલે દરવાને સલામ ઠોકી અમને એન્ટ્રી આપી. આપણ કદી ફિલ્મોના શૂટીંગ કર્યા હોય નહીં અને શૂટીંગ જોયા હોય નહીં એટલે બાધી નજરે ચકળવકળ દ્રષ્ટિએ બધું જોતા હોય. કેમેરા ટ્રોલી પર હોય કે ડિરેક્ટર ખાસ પ્લેટફોરમમાં બેસીને ફિલ્મનું શૂટીંગ કરતા હોય તેની ખબર ન હોય. ક્લેપર લોડર , જે ક્લેપરબોર્ડ સાથે કેમેરાની સામે પહેલેથી જ છે , "માર્કર!" કહે છે અને તેને બંધ કરી દે છે.ફિલ્મ શૂટીંગની શરૂઆતમાં આસિસ્ટન્ટ ડિરેક્ટર પિકચર ચાલુ છે એમ મોટેથી બોલે એટલે ટેક રેકોર્ડ થવાનો છે તેની સૌને ખબર પડે.પછી રોલ સાઉન્ડ કહે. પછી રોલ કેમેરાનો આદેશ કરે.એક્શન બેક ગ્રાઉન્ડ અને એકશન એમ બૂમ મારવામાં આવે. છેલ્લે શૂટ પૂરું થાય કે ડિરેક્ટર કટ નો આર્ડર આપે. એટલે શૂટિંગ પૂરુ થાય. જરૂર જણાય તો રીટેક થાય. એકાદ એકસ્ટ્રા કલાકારે એમને સમજાવ્યું.
અમે લાંબે લાંબે નજર દોડાવી. એક બેડ પર સફેદ કપડાંમાં લપેટાયેલ કોઈ વ્યક્તિ સૂતેલ. તેના શરીર પર કેમેરો ફોકસ કરેલ . એક કલેપ બોયે કહ્યું કે ફિલ્મનો આ પહેલો સીન છે. રાજુ રદીનો દાવો સાચો હતો. અમે રાજુને પ્રોત્સાહિત કરવા ચિયરઅપ કર્યું. એકાદ સિકયોરીટી અમને શૂટીંગમાં ખલ્લ ન પહોંચાડવા વૉર્નિંગ આપી.

આ પિકચરનો પહેલો શોટ એટલે પહેલું દ્રશ્ય. મડદા તરીકે જેને સૂવડાવેલો તે ચાલુ શૂટિંગે છીંક ખાવા મંડેલો.મરેલો માણસ કંઈ છીંક ખાય?એટલે રીટેઈક લે. જયાં સિન પરફેકટ થાય કે બેડ પર રહેલી કીડી ચટકો ભરે મૃતદેહ કોઈ વ્યક્તિ છેલ્લો શ્વાસ લે અને શરીરમાં આંચકો આવે અને ખેલ તમામ થાય તેમ મૃતદેહનો હાથ જયા કીડી કરડી હોય તે ભાગ વલૂરવા માંડે. મૃતદેહ હાઈપર થઈને હલહલ કરે તો શૂટીંગ આગળ કેવી રીતે વધે? એટલે ડિરેક્ટરે તમામ મૃતદેહને ફિલ્મમાંથી કાયમ માટે પડતા મુકયા. એમાં એક આપણો રાજુ રદી પણ હતો.રાજુના નાકના ફોયણામાં રૂના પૂમડા ભરાવેલ.રૂના પૂમડાના તાંતણાથી નાકની અંદર સળવળ થતું હતું.એટલે મડદું ઉભું થઈ ગયું.

યુ મિન રાજુ રદીને ડેબ્યુ ફિલ્મમાં ડેડબોડીનો રોલ મળેલો? શું કહ્યું રાજુ રદીને ડેડબોડીનો સોલો રોલ મળેલો નહીં. રાજુ રદી સાથે બીજી ૯,૯૯,૯૯૯ એકટરોને પણ ડેડ બોડીનો ઈન્ટ્રેસ્ટિંગ અને એકસાઈટિંગ રોલ મળલો એમ કાસ્ટિંગ ડિરેક્ટરનું કહેવું છે?'
રાજુ રદીને પછી તો ડેડ બોડીના ઢગલાબંધ રોલ ઓફર થયા છે અને રાજુ રદી ડેડબોડીના રોલ પણ જાનદાર કરે છે!
ભરત વૈષ્ણવ




ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરના રણછોડરાય મંદિર ખાતે ફાગણી પૂનમ તથા ફુલડોલ ઉત્સવ નિમિત્તે રણછોડરાય મંદિરના શિખરને કલાત્મક રોશની થી શણગારવામાં આવ્યું છે ત્યારે રાત્રિના મંદિરના શિખરનો નજારો કંઈક ઓર લાગે છેગુજરાતના અમદાવાદ શહેરમાંથી અગિયારસના દિવસથી પગપાળા ચાલતા સંઘોએ ડાકોરના ઠાકોર રણછોડરાય ભગવાનના દર્શન કરવાની તાલાવેલી સાથે ડાકોરમાં યાત્રિકો કીડિયારાની જેમ ઉમટી પડ્યા છે ત્યારે ડાકોરમાં ઠેર ઠેર સરકારી તંત્ર મારફતે લોખંડના આડબંધ નાખવામાં આવતા યાત્રિકોને ભારે હાલાકી પડી રહી છે ગુજરાતના એસટી તંત્ર દ્વારા યાત્રિકોને અમદાવાદ જવા માટે માર્કેટ યાર્ડ ખાતે હંગામી બસ સ્ટેન્ડ ઊભું કરવામાં આવ્યું છે અમદાવાદ જવા માટે આશરે ૪૫૦ જેટલી એક્સ્ટ્રા બસો મૂકવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છેખેડા જિલ્લા પોલીસ વડા વિજય પટેલ દ્વારા ડીવાયએસપી પીઆઇ પીએસઆઈ તથા પોલીસનો કડક બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છેગોમતી ઘાટે જવા માટે રસ્તો બંધ કરી દેવામાં આવતા યાત્રિકોને ગોમતીઘાટે સ્નાન કરવાથી વંચિત રહેવું પડ્યું છે ઉપરાંત બજારમાં પતરા મારી રસ્તા બંધ કરી દેતા વેપારીઓ ના ધંધા રોજગાર બંધ રહેતા વ્યાપારીઓને ભારે આર્થિક નુકસાન થયું છે

# સેક્ટર ૨૪ સ્થિત GSPC ગુજરાત ગેસ ખાતે ઈકો ગાડી બેકાબૂ થતાં ગેસથી ભરેલ ટ્રક GSPC ગેસ પમ્પની બહાર અથડાતા ગેસ લીકેજ-આગની દુર્ઘટના સર્જાઈ




ગાંધીનગર તા. ૦૧ માર્ચ- ગાંધીનગર શહેરના સેક્ટર ૨૪ સ્થિત પ્જીઁઝ ગુજરાત ગેસ ખાતે તા.૨૭ ફેબ્રુઆરીના રોજ એક ઈકો ગાડી રફ રીતે ગાડી ચલાવતા બેકાબૂ થતાં ગેસથી ભરેલ ટ્રક પ્જીઁઝ ગેસ પમ્પની બહાર નીકળતા અથડાતા ગેસ લીકેજ થયો હતો. સાથે અન્ય અમુક ગેસની બોટલથી આગ લાગી હતી.

આ દરમિયાન ગુજરાત ગેસ ખાતેના સ્થાનિક સ્ટાફ દ્વારા આગને અને ગેસને કાબુ કરવાની કોશિશ કરવામાં આવી હતી પરંતુ આગ કાબુમાં ના આવતા મદદ માટે સ્ટાફ દ્વારા ૦૭૯(૨૩૨)૫૬૭૨૦ પર કલેકટર કચેરીના ડીસ્ટ્રીકટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરને તથા ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ ગાંધીનગરને ઘટના વિશે જાણ કરવામાં આવી હતી. ડીઈઓસે ગાંધીનગર દ્વારા પણ તમામ ઈમરજન્સી વિભાગને જાણ કરવામાં આવી હતી. જેમાં ગાંધીનગરના સબ ફાયર ઓફિસરશ્રી તુષાર બારોટ, એમટી બળવંતભાઈ તથા પાયલોટ, પોલીસ વિભાગના એએસઆઈ તથા ટીમ,ગાંધીનગરના ઈન્ડસ્ટ્રીયલ અને સેફ્ટી ઓફિસર, સિવિલ ડિફેન્સના ડો. મહાવરી નિમાવત તથા ટીમ તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચી ઘટનાને કાબુમાં લેવામાં સફળ રહ્યા હતા. આ મોકડ્રીલમાં ઓબ્ઝર્વેશન ઓફિસર તરીકે ગાંધીનગરના ડિઝાસ્ટર મેન્જમેન્ટ સેલના મામલતદાર શ્રી નિલેશ. એ. રાઠોડ, ડીપીઓ શ્રી મૌલિક પી પંડ્યા,ગુજરાત ગેસના હેડ શ્રી બિપ્રતિપ ભટ્ટાચાર્જી તથા એચ.એસ.જીના ડે. મેનેજર શ્રી મેહુલ પરમારે હાજર રહી, મોકડ્રીલનેસફળ જાહેર કરી હતી.




ગુજરાતના સહભાગીઓએ ૪ ગોલ્ડ; ૨૫ સિલ્વર અને ૨૨ બ્રોન્ઝ મેડલ જીત્યા છે, જે કોઈપણ એક રાજ્યમાંથી સૌથી વધુ છે. ગોલ્ડ મેડલ વિજેતાઓમાં ભાવિના પટેલ, સોનલ પટેલ, નૂરજહાં જમાની સિંગલ્સમાં; સોનલ ડાભી મિક્સ ડબલ્સમાં સામેલ છે.

# પ્રેમિકાના પિતાએ દરવાજો બંધ કરી દેતા પ્રેમીએ ગળાફાંસો ખાધો : સગીરાની એકલતા જાણીને સગીર ઘરમાં ઘૂસ્યો

ગાંધીનગરમાં સગીર પ્રેમી પંખીડાની કુમળી વયના પાંગરેલા પ્રેમ પ્રકરણનો કરુણ અંત આવ્યો હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ૧૫ વર્ષની પ્રેમિકા ઘરે એકલી હોવાનું જાણીને ૧૭ વર્ષનો પ્રેમી ઘરમાં ઘૂસ્યો હતો. દરમ્યાન સગીરાના પિતા ઘરે પહોચી જતાં બન્નેનો ભાંડો ફૂટી ગયા હતો. જેના પગલે દીકરીને બહાર કાઢી પિતાએ રૂમમાં સગીરને પુરી દઈ પરિવારને બોલાવ્યા હતાં. જોકે ત્યાં સુધીમાં ડરના માર્યા સગીરે પંખે સાડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. સગીરાની ધો.૧૦ની અને મૃતક સગીરની ધો.૧૨ની બોર્ડ પરીક્ષા ચાલુ છે. સમગ્ર ઘટના મામલે ચિલોડા પોલીસ મથકના ચોપડે નોંધાઈ છે.કહેવાય છે કે, પ્રેમ આંધળો હોય છે પણ જ્યારે કુમળી વયનો પ્રેમ સમજ્યા વિનાની આંધળી દોટ મુકે છે ત્યારે તેનું પરિણામ ગંભીર આવતું હોય છે. આવો જ એક ચોંકાવનારો કિસ્સો પોલીસ ચોપડે અકસ્માતે મોતના ગુના હેઠળ નોંધવામાં આવ્યો છે. ચિલોડા પોલીસ મથકની હદ વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં બે પરિવારો સામ સામે રહે છે. જેમના સગીર દીકરો દીકરી એકજ સ્કૂલમાં અભ્યાસ કરતા હોવાથી સ્વભાવિક રીતે સાથે સ્કૂલે આવતા જતા હતાં.જેમાં એક પરિવારની ૧૫ વર્ષની દીકરી ધોરણ ૧૦ અને બીજા પરિવારનો ૧૭ વર્ષના દિકરાની ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા ચાલી રહી છે. આ દરમ્યાન જ સગીરે સગીરાના ઘરે રૂમમાં પંખે ગળાફાંસો ખાઈ લેતા ચકચાર મચી ગઈ છે. વાત જાણે એમ છેકે, પાડોશી હોવા ઉપરાંત સગીર સગીરા સ્કૂલમાં સાથે અભ્યાસ કરતા હોવાથી બંને વચ્ચે કુમળી વયનો પ્રેમ કેટલાય સમયથી પાંગર્યો હતો.આ વાતથી બંને પરિવારો સાવ અજાણ હતાં. પરંતુ એક દિવસ સગીર પ્રેમ પ્રકરણનો ભાંડો ફૂટી ગયો હતો. જેથી દીકરીના પિતાએ સામે પક્ષે જાણ કરી હતી. એ વખતે સગીર પ્રેમીના ફુવાએ આ બાબતે ફરીવાર ફરિયાદ નહીં આવે તેવી બાહેધરી આપી હતી. આ તરફ સગીર દીકરી પર પણ પરિવારે પાબંધીઓ લાદી દીધી હતી. એટલે બંનેને છેલ્લા કેટલાય સમયથી એકલતામાં મળવું મુશ્કેલ બની ગયું હતું.એવામાં સગીરાની માતાને બીમારીના લીધે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ગઈકાલે પત્નીની સરભરા માટે પતિ હોસ્પિટલે ગયા હતાં. એ સમયે પ્રેમિકા એકલી હોવાનું જાણીને પ્રેમી ઘરમાં ઘૂસી ગયો હતો. બંનેને એમ હતું કે લાંબો સમય એકલા વિતાવવા મળશે.પરંતુ થોડી વારમાં બહારથી દરવાજો ખટકાવામાં આવતા પ્રેમી પંખીડા ગભરાઈ ગયા હતા. જેના પગલે પ્રેમી રૂમમાં સંતાઈ જતા સગીરાએ દરવાજો ખોલતા જ સામે પિતાને જોઈને અંદરથી ફફડી ગઈ હતી.

# માર્ચથી જ કાળઝાળ ગરમીની શરૂઆત, આ વર્ષે રેકોર્ડ તૂટવાની શક્યતાઃડીસામાં સૌથી વધુ ૩૪.૨ ડિગ્રી તાપમાન



રાજ્યમાં આજથી ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે. હવામાન વિભાગની આગાહી અનુસાર માર્ચમાં જ તાપમાન ૪૦ ડિગ્રી સુધી પહોંચી શકે છે. સામાન્ય રીતે એપ્રિલમાં જોવા મળતી ગરમીએ આ વર્ષે થોડી વહેલી જ દસ્તક આપી છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં ગરમીનો પ્રભાવ વધુ રહેવાની સંભાવના છે. જ્યારે અમદાવાદ અને ગાંધીનગર સહિતના મધ્ય ગુજરાતમાં પણ મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી આસપાસ નોંધાઈ શકે છે. આગામી પાંચ દિવસ સુધી ઉકળાટભર્યું વાતાવરણ રહેશે અને તાપમાનમાં ૧થી ૨ ડિગ્રીનો વધારો નોંધાઈ શકે છે.

રાજ્યમાં હિટવેવના દિવસોની સંખ્યા સામાન્ય કરતાં વધુ રહી શકે છે. માર્ચના પ્રથમ અઠવાડિયામાં જ ગરમીનો માહોલ ઘેરાતો હોવાથી બપોરના સમયે લોકો માટે બહાર નીકળવું મુશ્કેલ બની શકે છે. ખાસ કરીને મહાનગરોમાં સિમેન્ટ-કોંક્રીટના જંગલ અને વાહનવ્યવહારના કારણે તાપમાન વધુ અનુભવાય છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં સૂકું અને તડકાભર્યું હવામાન રહેતાં બપોરે તાપમાન ૩૮થી ૪૦ ડિગ્રી સુધી પહોંચી શકે છે. આગામી દિવસોમાં તાપમાનમાં વધુ વધારો થાય તો રાજ્યમાં હિટવેવની શરૂ થઈ શકે છે.માર્ચની શરૂઆત સાથે જ ઉનાળાએ તીવ્ર રૂપ ધારણ કર્યું છે અને લોકો માટે આ વર્ષે ગરમી વધુ કઠિન સાબિત થવાની શક્યતા છે. માર્ચની શરૂઆતમાં જ ઉત્તર ગુજરાતમાં ગરમીનો પારો ૩૪ ડિગ્રીએ પહોંચી ગયો છે. ડીસામાં સૌથી વધુ તાપમાન ૩૪.૨ ડિગ્રી નોંધાયું છે, જેથી આ વર્ષે કાળઝાળ ગરમી રેકોર્ડ તોડે તેવી પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. મોટા ભાગના શહેરોમાં લોકોને આકરો તાપ સહન કરવો પડશે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું હતું કે, છેલ્લા ૨૪ કલાકમાં મહત્તમ તાપમાનમાં કોઈ બદલાવ જોવા મળ્યો નથી. સૌથી વધુ તાપમાન ઉત્તર ગુજરાતમાં ડીસામાં ૩૪.૨ ડિગ્રી નોંધાયું છે. લઘુત્તમ તાપમાન ૧૫.૮ ડિગ્રી નલિયામાં નોંધાયું છે. આગામી ૪ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રી ફેરફાર થવાની શક્યતા છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં ગરમીનું પ્રમાણ સામાન્ય કરતાં વધુ જોવા મળશે. તેમજ આગામી પાંચ દિવસ ઉકળાટ ભર્યું વાતાવરણ રહેશે. આગામી દિવસોમાં તાપમાન ૩૭થી ૩૯ ડિગ્રી સુધી પહોંચવાની પૂરેપૂરી શક્યતા છે.

# ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલ 'ગુજરાત સેમિકનેક્ટ કોન્ફરન્સ ૨૦૨૬' અંતર્ગત આઈટી અને ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગ જગત સાથે જોડાયેલા મહાનુભાવોના મંતવ્યો

માઈક્રોન ટેકનોલોજીના સીઈઓ શ્રી સંજય મેહરોત્રાએ કહ્યું હતું કે, આ એક ઐતિહાસિક ક્ષણ છે કે જ્યાં માઇક્રોન ટેકનોલોજીએ ગુજરાતના સાણંદમાં ભારતની પ્રથમ સેમિકન્ડક્ટર એસેમ્બલી અને ટેસ્ટિંગ ફેસિલિટી, 'માઇક્રોન પાયોનિયર'નું ઉદ્ઘાટન કર્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ પ્રોજેક્ટ ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટર સપ્લાય ચેઇનનું એક મહત્વપૂર્ણ કેન્દ્ર બનાવવાની દિશામાં મોટું કદમ છે. કેન્દ્ર અને ગુજરાત સરકારના સહયોગથી શરૂ થયેલો આ પ્રોજેક્ટ માત્ર ટેકનોલોજી ક્ષેત્રે આત્મનિર્ભરતા જ નહી, પરંતુ ભવિષ્યની ડિજિટલ ક્રાંતિ માટે મજબૂત પાયો પણ નાખશે.તેમણે વધુમાં જણાવ્યું કે, આ ઇકોસિસ્ટમને સફળ બનાવવા માટે માઇક્રોને સુરક્ષા, સસ્ટેનીબિલિટી, સ્થાનિક હાજરી, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો સ્વીકાર અને પ્રતિભા નિર્માણ જેવા પાંચ મુખ્ય મુદ્દાઓ પર ભાર મૂક્યો છે. છૈં ના યુગમાં મેમરી ચિપ્સની માંગ ઝડપથી વધી રહી છે ત્યારે ભારત આ વૈશ્વિક જરૂરિયાતને પૂરી કરવા માટે તૈયાર થઈ રહ્યું છે. સેમિકન્ડક્ટર ક્ષેત્રે કૌશલ્ય વિકાસ અને નવીનતા દ્વારા ભારત હવે વિશ્વના નકશા પર એક શક્તિશાળી દેશ તરીકે ઉભરી આવશે.

(૨) ટાટા ઇલેક્ટ્રોનિક્સના સીઈઓ અને એમડી ડો. રણધીર ઠાકુર

ટાટા ઈલેક્ટ્રોનિક્સના સીઈઓ અને એમડી ડો. રણધીર ઠાકુરે કહ્યું હતું કે, ભારત હવે માત્ર પોલિસી પૂરતું મર્યાદિત નથી, પરંતુ ઉત્પાદન ક્ષેત્રે પણ વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરી રહ્યું છે. ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ખૂબ જ ઝડપથી વધી રહ્યું છે, જેમાં છેલ્લા વર્ષે ૭૦ અબજ ડોલરના મોબાઈલ ફોનનું ઉત્પાદન થયું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના સહયોગથી સેમિકન્ડક્ટર મિશન અંતર્ગત ટાટા ઈલેક્ટ્રોનિક્સની અરજી માત્ર ૧૦૦ દિવસમાં મંજૂર કરવામાં આવી હતી, જે રાજ્ય સરકારના સહયોગનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું







પાડે છે.વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, ધોલેરા હવે ભારતના 'સેમિકોન સિટી' તરીકે ઉભરી રહ્યું છે. ટાટા ઈલેક્ટ્રોનિક્સના આ પ્રોજેક્ટમાં હાલમાં ૭ હજાર લોકો કાર્યરત છે અને ભવિષ્યમાં ૨૦ હજાર જેટલી રોજગારીની તકો ઉભી થશે. આ વિસ્તારમાં ફોર-લેન હાઈવે, અવિરત વીજળી અને પાણી પુરવઠા જેવી આધુનિક માળખાગત સુવિધાઓ તૈયાર કરવામાં આવી છે. વધુમાં, ૧૬ દેશોના નિષ્ણાતો અને તાઈવાનથી આવેલા ૩૦૦ કર્મચારીઓ દ્વારા લિથોગ્રાફી જેવી અત્યાધુનિક ટેકનોલોજી ગુજરાતમાં લાવવામાં આવી રહી છે, જે ધોલેરાને વૈશ્વિક સેમિકન્ડક્ટર સપ્લાય ચેનનું મુખ્ય કેન્દ્ર બનાવશે.

(૩) સીજી સેમીના ચેરમેન શ્રી જી.સી.ચતુર્વેદી

સીજી સેમીના ચેરમેન શ્રી જી.સી.ચતુર્વેદીએ કહ્યું હતું કે, ભારત આજે ઇલેક્ટ્રોનિક્સના માત્ર ગ્રાહક બનવાના બદલે સેમિકન્ડક્ટર ઉત્પાદન અને ડિઝાઇનના વૈશ્વિક હબ તરીકે ઉભરી રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝન હેઠળ ભારતે છેલ્લા બે વર્ષમાં આ ક્ષેત્રમાં અભૂતપૂર્વ પ્રગતિ કરી છે. તેમણે ખાસ ઉલ્લેખ કર્યો કે 'સીજી સેમી' એ ઓગસ્ટ ૨૦૨૫માં તેનો પ્રથમ પ્લાન્ટ પૂર્ણ કર્યો છે અને ટૂંક સમયમાં વ્યાવસાયિક ઉત્પાદન શરૂ કરશે. વર્ષ ૨૦૨૭ સુધીમાં બીજા પ્લાન્ટની સ્થાપના સાથે વાર્ષિક અંદાજે ૪ અબજ ચિપ્સનું ઉત્પાદન કરવાની ક્ષમતા હાંસલ થશે. જે ઓટોમોટિવ અને ઇન્ડસ્ટ્રિયલ સેક્ટર માટે ગેમ-ચેન્જર સાબિત થશે. ગુજરાતમાં સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમના વિકાસ માટે તેમણે કેન્દ્ર અને રાજ્ય સરકારના સહયોગની ખૂબ પ્રશંસા કરી હતી.

કેન્સ ટેકનોલોજીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી રમેશ કન્નને જણાવ્યું હતું કે, ભારતને સેમિકન્ડક્ટર ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવા માટે ગુજરાત જે નિર્ણાયક નેતૃત્વ પૂરું પાડી રહ્યું છે તે ખરેખર પ્રશંસનીય છે. રાજ્ય સરકારની દૂરંદેશી નીતિઓ અને વહીવટી તત્પરતાને પરિણામે આજે ગુજરાત ભારતના સેમિકન્ડક્ટર મિશનનું કેન્દ્રબિંદુ બન્યું છે. તેમણે કહ્યું કે, કેન્સ ખાતે અમે હંમેશા કાર્યક્ષમતા અને અમલીકરણની ગતિ પર ભાર મૂક્યો છે. સેવા ક્ષેત્રથી લઈને ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ અને હવે સેમિકન્ડક્ટર પેકેજિંગ તથા એડવાન્સ ૐંઁ ઝ્ર મેન્યુફેક્ચરિંગ સુધીની અમારી સફર ભારતના બદલાતા ઔદ્યોગિક પરિદ્રશ્યનું પ્રતીક છે. ઉચ્ચ તકનીકી ઉત્પાદન, સ્થાનિક પ્રતિભા અને મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા ગુજરાત જે ઔદ્યોગિક પાયો નાખી રહ્યું છે, તેમાં કેન્સ પૂરા ઉત્સાહ અને શિસ્ત સાથે યોગદાન આપીને ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટર હબ બનાવવાના સ્વપ્નને સાકાર કરશે.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat